# જિલ્લા પંચાયત કબ્જે કરવા ભાજપ આક્રમક

## બીજી તરફ જિલ્લા પંચાયત બચાવવા કોંગ્રેસ સંરક્ષણાત્મક મોડમાં આગળ વધી રહી છે

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિમાં પ્રવર્તતી જૂથબંધીનો લાભ લેવા ભાજપે આક્રમક વ્યુહરચના પંચાયતો પર કબ્જો મેળવવા માટે અપનાવી છે. રાજકીય વર્તુળોમાં ચાલતી ચર્ચાઓ મુજબ કોંગ્રેસના એક વગદાર જૂથ સાથે સંબંધો કેળવી અને પંચાયતો પર કબ્જો મેળવવાની વ્યુહરચના આગળ વધી રહી છે.

ભારતીય જનતા પક્ષ છેલ્લા ૧૫ વર્ષથી પણ વધુ સમયથી જિલ્લા પંચાયતમાં સત્તાના સૂત્રો સંભાળી શકી નથી. આ વખતે કોંગ્રેસના વિજયરથને નાથવા માટે સંગઠ્ઠનના કુશળ આગેવાનોને જિલ્લાના પ્રભારી અને નિરીક્ષકો તરીકે ભાજપે મુક્યા છે.

પ્રદેશ નેતાગીરીના સીધા માર્ગદર્શન હેઠળ શહેર ભાજપના આગેવાનોને પણ જિલ્લા પંચાયતોની સીટ દીઠ જવાબદારી સોંપવામાં આવી છે. જિલ્લા ભાજપના તમામ કાર્યકરો સક્રિય થાય તે માટે દરેક બેઠક દીઠ ખાસ સંકલન સમિતિની પણ રચના કરવામાં આવી છે. આ દરેક બેઠકમાં જિલ્લા સંગઠ્ઠનના આગેવાનોએ પણ ફરજીયાત હાજરી આપી અને તે અંગેનું રિપોર્ટીંગ કરવા માટેની સીધી સૂચનાઓ આપવામાં આવી છે.

જો કે મળતા નિર્દેશો મુજબ ભાજપે હાલ ૨૨ જેટલી બેઠકો કબ્જે કરવાના લક્ષ્યાંક સાથે આગળ વધી રહી છે. દરેક બેઠક પર જ્ઞાતિ આગેવાનો સાથે બેઠક કરી લીધી છે. દરેક સંતો મહંતોના પણ આશીર્વાદ લેવામાં આવ્યા છે. આ ઉપરાંત જિલ્લાના સંગઠ્ઠનને વધુ સક્રિય બનાવવામાં આવ્યુ છે.

એક તબક્કે સંગઠ્ઠનની ઉદાસીનતા અંગે પ્રદેશ નેતાગીરી ચોંકી ઉઠી હતી અને કાર્યકારી પ્રમુખની નિયુક્તીના ચક્રો પણ ગતિમાન કરી દીધા છે.

જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતો પર વિજય મેળવવા ભાજપે આ વખતે અત્યંત આક્રમક વ્યુહરચના જે અપનાવી છે તેનાથી કોંગ્રેસ પણ ચોંકી ઉઠી છે.

કોંગ્રેસના આગેવાનો પણ જિલ્લાના આગેવાનો સતત સંપર્કમાં છે અને રોજેરોજની સ્થિતિ પર અત્યંત ચાલાકીથી નજર રાખી રહ્યા છે. કોંગ્રેસ પણ આ વખતે જનસંપર્કને સઘન બનાવવા સાથે વિકાસના કરેલા કામો સાથે આગળ વધી રહી છે.

જો કે જિલ્લાની વર્તમાન સ્થિતિમાં ભાજપ ફ્રન્ટ રનરની ભૂમિકામાં છે. કોંગ્રેસના જિલ્લાના આગેવાનો જે રીતે પક્ષ છોડી જઈ રહ્યા છે એટલે કોંગ્રેસ પણ હમણાં બહુ સંરક્ષણાત્મક રીતે આગળ વધી રહી છે. મળતા નિર્દેશો મુજબ આગામી બે-ત્રણ દિવસમાં હજુ કેટલાક આગેવાનો ભાજપનો કેસરિયો ધારણ કરી લેવાના મૂડમાં છે.

આ વર્તુળોના જણાવ્યા પ્રમાણે જિલ્લામાં પંચાયતોની ચૂંટણીને લઈ હજુ ઉમેદવારોના નામ જાહેર થયા નથી એટલે પક્ષ છોડવાની અને વિપરીત વાતો પર કાર્યકરોએ મૌન રહેવાનું પસંદ કર્યુ છે.

જિલ્લામાં પંચાયતોની ચૂંટણીના પરિણામો પછી રાજકીય સમીકરણો જરૂર બદલાશે તે વાત સ્પષ્ટ હોવાનું જિલ્લાના રાજકીય વર્તુળો માની રહ્યા છે.



શહેરના ગ માર્ગને સિકસલેન કરવાનુ કામ લાંબા સમયથી ચાલી રહ્યુ છે. વરસાદી દિવસોમાં પણ તંત્રએ આડેધડ ખોદકામ કરી કામમાં ઉતાવળ કરી જોખમી પરિસ્થિતિનુ નિર્માણ કર્યુ હતુ જયારે હાલ વરસાદ પણ નથી ત્યારે છેલ્લા ઘણાં સમયથી આ માર્ગનુ કામ ઠપ્પ થઈ ગયુ છે. ગ માર્ગ પર અન્ડર પાસનુ કામ પણ ચાલી રહ્યુ છે. ત્યારે હાલ સિકસલેનની કામગીરી ખોરંભે પડી છે.

# વનતંત્રએ માત્ર ૩ નીલગાય પકડી અચાનક જ અભિયાન આટોપી લીધુ !!

## શહેરી વિસ્તારમાં અંદાજિત ૭૦૦ નીલગાય : વન આરક્ષિત વિસ્તારમાં રખડતી નીલગાય માર્ગ સલામતી માટે સૌથી વધુ જોખમી

ગાંધીનગર તા ૬

શહેરમાં નીલગાયનો ત્રાસ વધુ છે. ત્યારે નીલગાયને પકડવા માટે વનતંત્ર દ્વારા થોડા સમય અગાઉ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. પરંતુ શહેરી વિસ્તારમાંથી માત્ર ૩ નીલગાય પકડીને અચાનક જ વનતંત્ર દ્વારા આ ઝુંબેશ આટોપી લેવામાં આવી છે. શહેરી વિસ્તારમાં અંદાજિત ૭૦૦ જેટલી નીલગાય રખડતી હોવાનુ પણ વનતંત્રના ધ્યાને આવ્યુ છે. ત્યારે નીલગાયને કેદ કરીને ગીરના જંગલમાં મોકલવાની ઝુંબેશ બંધ કરી દેવાતા પ્રકૃતિ પ્રેમીઓમાં પણ અનેક તર્ક વિતર્ક થઈ રહ્યા છે.



ગાંધીનગરમાં નીલગાયનો ત્રાસ વધુ છે. શહેર તેમજ અમદાવાદ જવાના રૂટમાં પણ માર્ગ વચાળે નીલગાય રખડતી જોવા મળે છે. ત્યારે નીલગાયના લીધે સ્થાનિકો ઘણીવાર જાનલેવા અકસ્માતનો ભોગ પણ બને છે. આવા સંજોગોમાં થોડા સમય અગાઉ વનતંત્ર દ્વારા નીલગાયને પકડવા માટે ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. શહેરમાંથી ૩ નીલગાય પકડીને ગીરના જંગલમાં મોકલી દેવામાં આવી હતી. શહેરમાંથી નીલગાય પકડવાની આ ઝુંબેશને નગરજનોએ પણ આવકારી હતી જેથી નીલગાયના ત્રાસથી થતા અકસ્માત અને હરિયાળીને થતુ નુકશાન અટકાવી શકાય શહેર નજીકના ગામોમાં પણ નીલગાયના ત્રાસના લીધે ખેતપાકોને નુકશાન થતુ હોવાની ફરિયાદો પણ ઉઠવા પામે છે.

જયારે થોડા સમય અગાઉ શહેરમાંથી નીલગાય પકડવા માટે હાથ ધરાયેલી આ ઝુંબેશ અચાનક જ પડતી મુકી દેવામાં આવી છે. અત્યાર સુધી વનતંત્રએ માત્ર ૩ જ નીલગાય પકડીને ગીર જંગલમાં મોકલી છે. જયારે શહેરી વિસ્તારમાં અંદાજિત ૭૦૦ જેટલી નીલગાય હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. શહેરના સેકટરોમાં પણ નીલગાય રખડતી જોવા મળે છે.

નગરના મુખ્ય ચ અને ઘ માર્ગ આસપાસ સ્થિત વન આરક્ષિત વિસ્તારમાં પણ નીલગાયનો અડ્ડો હોવાનુ ધ્યાને આવે છે. સે-૮ માં પણ નીલગાય રખડતી હોવાથી સ્થાનિકોને અકસ્માતનો ભય સતાવે છે. નીલગાય ગમે ત્યારે માર્ગ વચાળે દોડી જતા અકસ્તમા સર્જાય છે. ત્યારે સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા શહેરને નીલગાયના ત્રાસમાંથી ઉગારવા માટે ફરીથી આ ઝુંબેશ હાથ ધરવામાં આવે તેવી લાગણી પણ પ્રબળ બની છે. વનતંત્ર દ્વારા નીલગાયને પકડવાનુ આ અભિયાન કોઈ કારણોસર બંધ કરી દેવાયુ છે. તે મામલે પણ અનેક સવાલો મંડરાયા છે.

# સે-૨૨માં ૧૫ વૃક્ષોને રીટ્રાન્સપ્લાન્ટ કરાયા : ૮૩ વૃક્ષોને બચાવી લેવાયા

## લીંબડા અને ગરમાળાના ૧૫ વૃક્ષો રીટ્રાન્સપ્લાન્ટ કરાયા : સ્થાનિકોની લડત રંગ લાવી

ગાંધીનગર તા ૬

સે-૨૨ માં માર્ગ નવિનીકરણની કામગીરીને અનુલક્ષીને અત્યાર સુધી ૨૯ વૃક્ષોની કટોતી કરવામાં આવી છે. જયારે રૂટમાં આવતા ૮૩ વૃક્ષોને બચાવી લેવાયા છે. આ દરમિયાન ૧૫ જેટલા વૃક્ષોને રીટ્રાન્સપ્લાન્ટ કરાયા છે. જેમાં લીંબડા અને ગરમાળાના વૃક્ષોનો સમાવેશ થાય છે.

શહેરમાં વિકાસ કામોને અનુલક્ષી હરિયાળા વૃક્ષોની કટોતી કરવામાં આવી રહી છે. અત્યાર સુધી વિકાસ કામોને અનુલક્ષી સેકટરોમાં હરિયાળા વૃક્ષોની કટોતી થતા પ્રકૃતિ પ્રેમીઓએ પણ વારંવાર રોષ વ્યકત કરી આંદોલનની રાહે લડત પણ આપી છે. જેના લીધે શહેરમાં આડેધડ વૃક્ષછેદન પણ અટકાવી શકાયુ છે. સ્માર્ટ સીટીમાં સમાવેશ થતા શહેરમાં અનેકવિધ વિકાસ કામો હાથ ધરાયા છે. જેમાં રોડ નેટવર્કને અપગ્રેડ કરવા સહીત નવા બિલ્ડીંગો બાંધવામાં આવી રહ્યા છે. જયારે આગામી દિવસોમાં પાણી ગટર લાઈનના નવિનીકરણનુ કામ પણ હાથ ધરાશે આ દરમિયાન પણ વધુ વૃક્ષોની કટોતી થશે તેવો રોષ પણ નાગરિકો વ્યકત કરી રહ્યા છે. હાલ સે-૨૨ માં માર્ગ નવિનીકરણનુ કામ ચાલી રહ્યુ છે. જયારે સેકટરોના એપ્રોચને પહોળા કરવાની કામગીરી અન્વયે રૂટમાં નડતરરૂપ વૃક્ષોની પણ કટોતી કરવામાં આવી રહી છે. ત્યારે સે-૨૨ માં પણ છેલ્લા ઘણાં સમયથી માર્ગ સુધારણાનુ કામ ચાલી રહ્યુ છે. જેને અનુલક્ષી વૃક્ષોની કટોતીના મામલે સ્થાનિકોએ વિરોધ વ્યકત કર્યો હતો. જેના અંતે આ રૂટમાં ૧૨૭ વૃક્ષો નડતરરૂપ હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ.



ત્યારે આ સ્થિતિ વચ્ચે વનતંત્ર દ્વારા વૃક્ષોને બચાવવા માટે સેકટરમાં અન્ય જગ્યાએ ટ્રાન્સપ્લાન્ટ કરવાનો નિર્ણય લેવાયો હતો. જેમાં અત્યાર સુધી સેકટરમાં ઢોર ડબ્બા પાસે ૧૫ જેટલા વૃક્ષો રી ટ્રાન્સપ્લાન્ટ કરી દેવાયા છે. જેમાં લીંબડો અને ગરમાળાના વૃક્ષોનો સમાવેશ થાય છે. જયારે અન્ય ૮૩ વૃક્ષોને બચાવી લેવાયા છે. જેથી સેકટરમાં માર્ગ સુધારણાની કામગીરી દરમિયાન વૃક્ષોની કટોતી ન થાય તે મામલે સ્થાનિકોએ આપેલી લડતને પણ સફળતા મળી છે.

# જિલ્લામાં નવા ૮ કેસ કોરોનાના નોંધાયા

## પેથાપુરમાં ૩ કેસ તો માણસાના બે દર્દી : શહેરમાં સે. ૪ માં બે કેસ તો સે. ૧૪માં એક કેસ નોંધાયો

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના વધુ ૮ કેસ નોંધાયા છે. જેમાં ગાંધીનગર શહેરમાં ૩ અને ગ્રામ્ય વિસ્તારમાં ૫ કેસ નોંધાયા છે.

ગાંધીનગર તાલુકામાં આજે ૩ અને માણસામાં ૨ કેસ નોંધાયા છે. ગાંધીનગર તાલુકાના પેથાપુર ગામેથી ૩ કેસ મળી આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૫ કેસમાં ૩ મહિલા દર્દી છે. જેમાં પેથાપુરની બે મહિલાનો સમાવેશ થાય છે.

**જિલ્લામાં હાલ ૩૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૩૯૧૦ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ છે**

આજે નોંધાયેલા પાંચ કેસમાં બે દર્દીને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. આ બન્ને કેસ માણસાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા છે. માણસા તાલુકાના બોરૂ અને બાપુપુરા ગામેથી આ કેસ મળી આવ્યા છે.

જિલ્લામાં આજે વધુ ૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં ૪૦૨૨ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં હાલ ૩૦ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૩૯૧૦ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે ૩ કેસ નોંધાયા છે. જેમાં એક મહિલાનો સમાવેશ થાય છે. ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં સે. ૫ માંથી બે અને સે. ૧૪ માંથી એક કેસ મળી આવેલ છે. આજે વધુ ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.


## શ્રધ્ધાંજલિ



વટવૃક્ષ જેવા વિશાળ કુટુંબમાં આપ વેરાન વનની વચ્ચે આવેલ મીઠી વીરડી બની અમૃતસમાન શીતળ જળ અને છાયા આપતાં આપતાં જીવનભર સૌના હિત માટે ઝઝૂમતાં રહ્યાં અને ખુદની કદિ પરવા ન કરી ઘડીનો પણ વિસામો ન લીધો તે ન જ લીધો અને કુટુંબના સૌનાં માર્ગદર્શક, મોભી અને કલ્યાણ ઈચ્છનારાં બની સદાને માટે સૌનું કલ્યાણ કરતાં કરતાં સુખ, સમૃધ્ધિ વધારતાં રહ્યાં અને અમારી વચ્ચેથી આપે જીવનના અંતિમ ધ્યેય તરફનું મહાપ્રયાણ આરંભ્યુ. આ વિદાય અમને ઘણી વસમી લાગે છે, આપે આપેલા સદ્દગુણોના પવિત્ર પંથે ચાલીને તેમજ નીતિમત્તાનાં ઉચ્ચતમ મૂલ્યો તેમજ સંસ્કારના સમૃધ્ધ વારસાને જાળવી રાખી તેવું જ જીવન જીવવા અમે સદા સન્નિષ્ઠ પ્રયત્ન કરીશું.

લિ. અમે આપનાં ગુણાનું રાગી

સ્વ. શકુંતલાબેન નાયક
સ્વ. તા. ૦૭-૧૧-૨૦૨૦

મંગળભાઈ છ. નાયક
(એમ. સી. નાયક) નિવૃત્ત, આઈ.એ.એસ.
તથા સમગ્ર પરિવાર
મો.નં.94295 19868, રહે. 079 - 23235153




વિકાસ અટવાયો - ગાંધીનગરના બ્યુટીફિકેશન માટે મહાનગરપાલિકા અને સ્માર્ટસિટી ડેવલોપમેન્ટ દ્વારા વિકાસના કામોથી શહેર ધમધમે છે... પરંતુ કામ કરનાર એજન્સીઓ કાળજીપૂર્વક કામ કરતી નથી એ પણ એટલી જ હકિકત છે... છેલ્લા કેટલાક સમયથી સેકટર-૨૧માં વિશ્વકર્મા શોપીંગ, પેટ્રોલ પંપની આસપાસ, થિયેટરની આસપાસના અનેક સ્થાનો પર ખોદાયેલા ખાડા હજુ પણ વણપુરાયેલા છે... એક કામ પુરું થાય ન થાય ત્યાં બીજું શરૂ થઈ જાય છે... એકની માટી પુરાણ થયું ન થયું ત્યાં બીજી માટી ઉલેચાય છે... એટલે સામાન્ય પ્રજાજનો ખાસ કરીને આસપાસ રહેતા વસાહતી અને વેપારીઓ માટે પાર્કીંગની અને અવરજવર એટલી બધી અગવડ સર્જાય છે કે ખાડામાં પગ મુકીને જવું કે માટીના ઢગ પર થઈને જવું... વિશ્વકર્મા શોપીંગ સેન્ટર ચારે બાજુથી ખોદખામ કરી નાખતા અહીં ઘણી મુશ્કેલી સર્જાય છે... જોકે નાગરિકો ગાંધીનગરના આ વિસ્તારના બ્યુટીફિકેશનને જોવા ઘણા સમયથી આતુર છે... પણ જ્યારે આ તસવીરમાં જ્યારે નવા રૂપ-રંગ પુરાશે ત્યારની વાત ત્યારે અત્યારે તો વસાહતીઓ અને વેપારીઓ અથડાતા-કૂટાતા તેમના વેપારના સ્થળે પહોંચે છે... બાકી તો હવે રાહ જોવી રહી કે ક્યારે તંત્ર જાગશે અને બ્યુટીફિકેશનના સ્વપ્ના પુરા કરશે....


ઓફીસ વેચવાની છે
૧૦૭૫ સ્કે. ફૂટ ઓફીસ વેચવાની છે.
૪૦૧, કેપીટલ આઈકોન, આસ્કા હોસ્પિટલની સામે, સરગાસણ, ગાંધીનગર
મો. ૯૭૨૬૧ ૫૨૯૬૭

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · Kisan · ashirvad · Jaquar experience bathing · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

FLATE ON RENT
B-602, SHREERANG ICON, KH-0, SARGASAN CHOKDI, HADMATIYA,
FLATE - 2BHK • SEMI FURNISHING, TIPTOP, FRESH CONDITION,
RENT PER MONTH - 12000 RS.
Direct Owner No. 9998174552
10:00 AM to 4:00 PM

શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર
આથી રસ ધરાવતા ઈસમો / સંસ્થાને જણાવવાનુંકે, શ્રી રાજપૂત સમાજ, સેક્ટર-૧૨, ગાંધીનગરના બીજા માળ તથા ત્રીજો માળ અને ચોથા માળનું રસોડું વિગેરે હોસ્ટેલ માટે ૧ વર્ષ માટે ભાડેથી આપવાના હોવાથી દિન-૧૫માં સીલબંધ કવરમાં રૂબરૂ અથવા ટપાલ દ્વારા ભાવો મોકલી આપવાના રહેશે. ભાડાની શરતો કાર્યાલયમાંથી મેળવી લેવાની રહેશે.
પ્રદિપસિંહ પી. બિહોલા, મહામંત્રી, શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર
વિક્રમસિંહ એસ. ગોલ, પ્રમુખ, શ્રી રાજપૂત સમાજ ગાંધીનગર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com